સાચો તત્ત્વવેત્તા તો એ જ કહેવાય કે જે આ બધી દુનિયાઓને એક બીજાથી સંબદ્ધ અને અપેક્ષિત રૂપે જાણે છે.

આવી રીતે ભારતીય દર્શનોમાં અને પાશ્ચાત્ય દર્શનોમાં સ્યાદ્વાદ મળતી વિચારશ્રેણી મળી આવે છે, તો તેનો વિરોધ પણ સારી રીતે જોવા મળે છે. સ્યાદ્વાદના સિદ્ધાંતની વસુબંધુ, દિંગનાગ, ધર્મકીર્તિ, બૌદ્ધો તથા શંકર જેવા અદ્વૈત વેદાંતીઓએ બહુ કડક ટીકા કરી છે. તેઓએ સ્યાત્ એટલે 'કદાચ' એવો લૌકિક અર્થ લઈને સ્યાદ્વાદના સિદ્ધાંતને વદતોવ્યાઘાત કહ્યો છે. ધર્મકીર્તિ કહે છે કે સ્યાદ્વાદ મિથ્યા પ્રલાપ છે. શંકરાચાર્યના મતે પણ સ્યાદ્વાદ એ કોઇ દીવાના માણસનો પ્રલાપ છે. રામાનુજ પણ કહે છે કે બે પૂર્ણ વિરોધી ગુણો સત્ અને અસત્ એ તો પ્રકાશ અને અંધકાર માફક વિરોધી હોઇને, એક જ વસ્તુને વિષે સંભવી શકે નહીં. તટસ્થવૃત્તિથી જોઇએ તો સ્યાદ્વાદ એમ કહેતો જ નથી કે બે પૂર્ણ વિરોધી ગુણો એક જ અપેક્ષાએ એકી સાથે એક જ વસ્તુને લગાડી શકાય છે. જૈનોની અનેકાન્તવાદી દૃષ્ટિનો અર્થ એટલો જ છે કે સત્ તત્ત્વ અનંત ગુણ ધરાવે છે અને તેને વિવિધ દૃષ્ટિબિંદુથી તપાસી શકાય, જેમકે દ્રવ્યની દૃષ્ટિએ સત્ નિત્ય તેમજ અખંડ છે. પરંતુ પર્યાય દૃષ્ટિએ તે અનિત્ય અને ખંડ રૂપે છે. અંતમાં આ દૃષ્ટિબિંદુને સ્પષ્ટ કરતું સ્યાદ્વાદની ઉપયોગિતા સમજાવતું પ્રો૦ શ્રી આનંદશંકરભાઈ ધ્રુવનું વિધાન જોઇએ : "સ્યાદ્વાદનો સિદ્ધાંત અનેક સિદ્ધાંતો અવલોકીને તેમનો સમન્વય કરવા ખાતર પ્રગટ કરવામાં આવ્યો છે. સ્યાદ્વાદ આપણી સમક્ષ એકીકરણનું દૃષ્ટિબિંદુ ઉપસ્થિત કરે છે. વિવિધ દૃષ્ટિબિંદુઓ દ્વારા નિરીક્ષણ કર્યા વિના કોઇ વસ્તુ પૂરી સમજવામાં આવી શકે નહીં. આ માટે સ્યાદ્વાદનો સિધ્ધાંત ઉપયોગી તેમજ સાર્થક છે. સ્યાદ્વાદને કેટલાક સંશયવાદ કહે છે તે હું માનતો નથી. સ્યાદ્વાદ સંશયવાદ નથી કિન્તુ વસ્તુદર્શનની વ્યાપક કળા તે આપણને શીખવે છે.

☆

# નારી પ્રત્યેનો ભારતીય દૃષ્ટિકોણ

સાધ્વી ચન્દના, દર્શનાચાર્ય—વીરાયતન

નારીના સંબંધમાં ભારતીય સાહિત્યમાં જ નહિ, સમગ્ર વિશ્વના સાહિત્યમાં તેના જીવન વિષે વિવિધ પાસાંઓ ચિત્રરૂપે વખતોવખત પુરુષોની કલમે અંકિત થતા રહ્યાં છે. પુરુષોએ નારીના જીવનનું જે ચિત્રણ કર્યું છે તે પોતાના દૃષ્ટિકોણથી કર્યું છે. પોતાની કલ્પનાઓના આધારે જ તેણે નારીના જીવનને બહુમુખી આયામોથી જોયું અને પારખ્યું છે. કેટલીક નારીઓએ પણ પોતાની કલમે પોતાના જીવનચિત્રોનું અંકન કર્યું છે. આ જોતાં પુરુષલેખકોએ ન્યાય ઓછો અને અન્યાય વધારે કર્યો છે. કોઇક જગ્યાએ નારીને પુરુષોએ નરકની ખાણ અને નરકનું દ્વાર કહેલ છે તો ક્યાંક તેને સ્વર્ગના આગળીયા સમાન પણ કહી છે. કોઈ જગ્યાએ નારીજીવનની પ્રશંસા પણ કરી છે તો કોઈ જગ્યાએ નિંદા પણ કરી છે. જીવન એ જીવન જ છે તે પોતે પોતાનામાં ભદ્ર પણ નથી કે અભદ્ર પણ નથી. તેને જે દૃષ્ટિકોણથી જોવામાં આવે, જીવનનો આભાસ તેવો થવા માંડે છે. નિર્બળતા અને સબળતા જો માનસિક વૃત્તિજ છે તો તે જેવી રીતે નારીમાં હોઇ શકે છે તેવી પુરુષમાં કેમ ન હોઇ શકે?

વેદની રચનામાં અન્તર હોવા છતાં માનસિક રચનામાં નારીજીવન અને નરજીવનમાં કોઇપણ પ્રકારની ભેદરેખાની સીમા બતાવી શકાય તેમ નથી. આલોચકો કહેતા હોય છે કે નારીનું મન બહુ નિર્બળ હોય છે, પરન્તુ ઈતિહાસના કેટલાક સોનેરી પાનાં એવા પણ ઉપલબ્ધ થાય છે કે જ્યાં નારીમનની અપેક્ષાએ નરનું માનસ વધારે દુર્બલ નજરે પડે છે. રામાયણકાળની સુમિત્રા પોતાના પ્રિય પુત્ર લક્ષ્મણને રામની સાથે વિકટ વનમાં જવાની આજ્ઞા સાહસપૂર્વક આપી દે છે, સીતા પણ રામે ના પાડવા છતાં તેમની સાથે ભયંકર વનના દુઃખમય જીવનને સહર્ષ સ્વીકારવા તૈયાર થાય છે. લક્ષ્મણની પત્ની ઊર્મિલાનો ત્યાગ સુમિત્રા અને સીતાની અપેક્ષાએ અધિક ઉજ્જવળ અને અધિક પ્રભાવી થઇને અંકિત થયો છે. સીતાને રામની સાથે વનમાં રહી શારીરિક કષ્ટો જ સહન કરવા પડે છે, પરંતુ ઊર્મિલા તો રાજમહેલમાં રહીને પણ પતિના દારુણ વિયોગને દીર્ઘકાળ સુધી સહન કરે છે તથા સંપૂર્ણ સગવડતાઓની વચ્ચે રહીને પણ અગવડતાને સ્વીકારી પૂજ્યજનોની સેવામાં સમર્પિત થઈ જાય છે. ઊર્મિલાનો ત્યાગ રામ, સીતા અને લક્ષ્મણના



Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

ત્યાગથી પણ ચઢિયાતો છે, તે કોઇ રીતે ન્યૂન નથી. ઉત્સર્ગની ભાવનાથી પુરુષોની અપેક્ષા નારીમાં વધુ હોય છે. રામાયણનો નારીપાત્ર આ વાતની સ્પષ્ટ ઉદ્ઘોષણા કરે છે.

મહાભારતમાં દ્રૌપદીનું જીવન એક આદર્શ જીવન માનવામાં આવે છે. તે જીવન શ્રદ્ધા, મમતા અને સેવાનું એક જીવન્ત દૃષ્ટાન્ત કહી શકાય. વિશ્વના સમગ્ર સાહિત્યમાં દ્રૌપદી જેવું કોઇ અન્ય જીવન હજી સુધી અંકિત થયું નથી તેમ દૃષ્ટિગોચર થતું નથી. મહાભારતના યુદ્ધની દારુણ ક્ષણોમાં કૌરવપક્ષ ક્રુર ભાવનાઓથી પ્રેરિત થઈને સુખદ નિદ્રામાં પ્રસુપ્ત દ્રૌપદીના પાંચે પુત્રોનો વધ કરી નાખે છે. જીવનની આવી વિકટ ક્ષણોમાં પણ દ્રૌપદીનું માનસ પોતાનું સંતુલન ગુમાવતું નથી. જ્યારે શ્રીકૃષ્ણ જેવા ધીરપુરુષ પણ અધીર થઇ જાય છે અને અર્જુન જેવો વીર પણ પુત્ર-વિયોગમાં વિહ્વળ અને હતાશ બની જાય છે. દ્રૌપદીનું અન્તસ્ તે દુઃખમય વેળામાં પણ સંતુલિત અને સ્થિર બની રહે છે ને શ્રીકૃષ્ણને કહે છે–'આના બદલામાં કૌરવોના પુત્રોને ન મારો એ પ્રમાણેનું ભારે અજાયબ પમાડે તેવું આ દ્રૌપદીનું કથન છે. તેના આળાં માનસનો એવો તર્ક છે કે પુત્રવધની મર્માહત વેદનાની અનુભૂતિ માતૃહૃદયજ કરી શકે–પુરુષ હૃદય નહીં. જેવી રીતે હું પુત્રવિયોગથી પીડિત છું–શું બીજી માતાઓ પણ તે રીતે દુઃખી નહિ થાય? માતૃહૃદયની મમતાનું આ નિદર્શન વિશ્વસાહિત્યનું એક અતિ ઉજજવળ નિદર્શન કહી શકાય.

ભગવાન બુદ્ધના તપો જર્જરીત જીવનની રક્ષા કરનારી સુજાતા ઈતિહાસમાં અમર બની ગઇ. સુજાતાના ખીરદાને બુદ્ધને પુનર્જીવન આપ્યું. તે વેળાએ જે ઘટના ઘટી તેથી આજે પણ આપણે પ્રભાવિત થઈએ છીએ. જે બુદ્ધ યશોધરાને બંધન સમજી મુકિતની ખોજમાં નીકળ્યા હતા અને તે જ્યારે તપસ્વી અને જ્ઞાની બની યશોધરાના રાજમહેલમાં પાછા આવ્યા ત્યારે પણ યશોધરાના કોમળ માનસમાં ન તો કોઇ પ્રકારની ઘૃણા હતી કે ન તો કોઇ પ્રકારનો વિદ્વેષ હતો. યશોધરા પોતાના જીવનનો એકમાત્ર આધાર એવા પોતાના પ્રિય પુત્ર રાહુલને બુદ્ધની ભિક્ષાની ઝોળીમાં સમર્પિત કરી દે છે. અહીં બુદ્ધનું જ્ઞાન અને તપ પરાજિત થઇ જાય છે અને રાજપ્રાસાદમાં બેઠી યશોધરાનો ત્યાગ અનેઉત્સર્ગભાવ વિજયી બની જાય છે. જે બંધનને છોડી બુદ્ધ જંગલમાં પલાયન કરી ગયા હતા તે બંધન પણ બુદ્ધની મુક્તિની અપેક્ષા વધુ સુખદ અને સુન્દર પ્રમાણિત સિદ્ધ થયું. આ જ્ઞાનના દંભ ઉપર નિર્મળ શ્રદ્ધાનો વિજય હતો.

ભગવાન મહાવીરના ધર્મમય શાસનમાં તેમની સમીપે પ્રવજિત થઈને રાજકુમારી ચન્દનબાળાએ સંઘની વ્યવસ્થામાં જે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું તેની યશોગાથા આજે પણ શ્રમણ સાહિત્યના પૃષ્ઠો ઉપર યત્ર–તત્ર ઉપલબ્ધ છે. ચંદનબાળાના ત્યાગ અને ઉત્સર્ગભાવને જોઇને પુરુષના પુરુષત્વનો દંભમય અહંકાર શત–શત ખંડિત થઈ જાય છે.

રાજગૃહીનિવાસી નાગ ગાથાપતિની ધર્મપત્ની સુલસા ત્યાગી અને તપસ્વી જીવન માટે પણ એક ચુનૌતિરૂપ બનીને ઇતિહાસના પૃષ્ઠોમાં ઉપસી છે. પોતાની તપશકિતનો અહંકાર કરનાર અંબડ સંન્યાસી સુલસાના માનસને ન જીતી શકયો. ભગવાન મહાવીરમાં સુલસાને જે આસ્થા, શ્રદ્ધા અને સમર્પણભાવ સંનિહિત હતો, તે અંબડ સંન્યાસી તેને રંચમાત્ર પણ તેના પથથી વિચલિત ન કરી શકયો. નારી જ્યારે પણ કોઈ ઉપર શ્રદ્ધા કરે છે ત્યારે તે સંપૂર્ણ હૃદયથી કરે છે. અને જે શ્રદ્ધા સંપૂર્ણ હૃદયથી કરવામાં આવે છે તેને આજસુધી કોઇ પરાજિત કરી શકયું નથી. મહાવીરના કેટલાય પુરુષભકતો શ્રદ્ધાથી વિચલિત થઈ ગયેલા જણાય છે. પરન્તુ સુલસા અટલ છે, અડગ અને સ્થિર છે. શ્રદ્ધા અને મમતાની દોડમાં નારી સદા નરથી આગળ રહી છે.

રાષ્ટ્રપિતા ગાંધીજીના જીવનમાં જે સફળતા દૃષ્ટિગોચર થાય છે તેની પાછળ પણ કસ્તુરબાની શ્રદ્ધા અને ત્યાગ-ઉત્સર્ગની ભાવનાજ મુખ્યપણે રહેલાં છે. કસ્તુરબાએ વખતોવખત ગાંધીજીના જીવનને વળાંક આપવાનો જે સફળ પ્રયાસ કર્યો તેના જ પરિપાકરૂપે ગાંધીજીનું વર્તમાન જીવન હતું. નારીજીવનની આ જ વિશેષતા અને ઉદ્‌ઘોષ સદાથી રહ્યાં છે કે હું પુરુષજીવનને ટાળીશ નહિ પણ સન્માર્ગે વાળીશ. પુરુષ તોડવામાં વિશ્વાસ કરે છે અને નારી વાળવામાં. પુરુષનું માનસ વિધ્વંસાત્મક રહ્યું છે અને નારીનું માનસ સદા રચનાત્મક રહ્યું છે. ભલે નારીએ ઈતિહાસ ન લખ્યો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય, પરંતુ ઇતિહાસ લખવા માટે જેટલી સામગ્રી નારીએ આપી છે તેની અપેક્ષાએ પુરુષોએ ઓછી આપી છે. વ્યકિત, પરિવાર, સમાજ અને રાષ્ટ્ર બધા ક્ષેત્રોમાં પુરુષને જે સફળતા મળી છે તે નારીના સહયોગ અને સહકારના આધારે જ મળી છે.

પુરુષોના મનમાં એક દંભમય અહંકાર રહ્યો છે કે નારી પ્રશાસન કરી શકતી નથી, પરન્તુ વર્તમાન યુગના સંદર્ભમાં વિશ્વના કેટલાય રાષ્ટ્રોમાં નારી આજે સફળતાપૂર્વક પ્રશાસન કરી રહી છે. વર્તમાન ભારતની પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીને અદમ્ય સાહસની સાકારમૂર્તિ કહી શકાય. પોતાના સાહસ અને પોતાના ઊંડા અનુભવના આધારે જ તેમણે ભારતની બાગડોર સંભાળી છે. તેમણે માત્ર ભારતમાં જ નહિ પરંતુ વિશ્વની રાજનીતિમાં પોતાનું મહત્ત્વપૂર્ણ સ્થાન બનાવી લીધું છે. તેમની કાર્ય કરવાની પદ્ધતિ જેમ સાહસપૂર્ણ છે તેમ વિવેકપૂર્ણ પણ છે. નારીએ જે પણ ક્ષેત્રને હાથમાં લીધું તેમાં તે કર્ત્તવ્યબુદ્ધિથી વળગી અને સફળતાના ટોચ શિખરે પહોંચીને જ તેણે વિરામ અને વિશ્રામ લીધો છે. કર્ત્તવ્યશકિત પુરુષની અપેક્ષા નારીમાં વિશેષ હોય છે. સાંખ્યદર્શને તો કર્તવ્યશકિત પ્રકૃતિમાં જ સ્વીકારેલ છે. પુરુષે જ્ઞાનનો સ્વીકાર કર્યો છે, કર્ત્તવ્યનો નહિ.

જીવનના બે પાસાં છે–વિચાર અને ભાવ. આજના નૂતન મનોવિજ્ઞાનના સિદ્ધાન્ત અનુસાર ચેતન મનનું કાર્ય છે વિચાર અને અચેતન મનનું કાર્ય છે ભાવ. મનોવિજ્ઞાને સ્વીકાર્યું છે કે વિચારની અપેક્ષાએ ભાવનો વેગ વધુ સબળ હોય છે. સંવેદનશીલતા ભાવમાં હોય છે, વિચારમાં નહીં. વિચાર છે મસ્તિષ્ક અને ભાવ છે હૃદય. મનુષ્યના ચેતન અને અચેતન મનમાં જ્યારે પણ અન્તર્દ્વન્દ્વ થાય છે ત્યારે વિચાર પરાજિત થઇ જાય છે અને ભાવજ વિજેતા બને છે. વિચાર છે–બુદ્ધિયોગ અને ભાવ છે ભકિતયોગ. પુરુષનું જીવન છે વિચારપ્રધાન અને નારીનું જીવન હોય છે ભાવપ્રધાન. વિચાર જીવનને તોડે છે જ્યારે ભાવ જીવનને જોડે છે. મસ્તિષ્ક અને હૃદયના યુદ્ધમાં સદા હૃદયની જીત થાય છે મસ્તિષ્કની નહીં. વિચાર માનવને કયાંય પહોંચાડતો નથી જ્યારે ભાવ માણસને તેની અન્તિમ મંજિલે લઈ જઇને બેસાડી દે છે. શ્રદ્ધા, મમતા, ભકિત આ બધા ભાવો છે અને આ બધા નારીજીવનમાં સુલભ છે, સહજ છે. આજ કારણે નારી આસ્થા, શ્રદ્ધા, અને ભકિતના બળે જ પોતાના કાર્યક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરે છે જીવનને વિકટ ક્ષણોમાં પણ નારી પોતાની શ્રદ્ધા અને સમર્પણ ભાવના વડે વિઘ્ન-બાધાઓની ભયંકર અટવીને પણ હસતા-હસતા પાર કરી જાય છે. પ્રાચીનકાળમાં પણ નારીએ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પુરુષને સહયોગ આપ્યો છે અને આજે પણ સહયોગ અને સહકાર આપવાની ભાવનાથી વંચિત નથી. જ્યારે-જ્યારે પુરુષનો અહંકારી દંભ ફુંફાડા મારવા લાગે છે ત્યારે-ત્યારે નારીએ પોતાની શ્રદ્ધા અને ઉત્સર્ગ ભાવનાના વશીકરણ વડે તેને શાંત કરવાનો પ્રયાસ કર્યો છે, આની સાક્ષી વિશ્વસાહિત્યના પૃષ્ઠો ઉપર અંકિત છે.

☆

# માનવભવનું મૂલ્ય

સંકલન: **શ્રી જયંતીલાલ ધરમશી ગાંધી, સુદામડા.**

ઘનઘોર જંગલ. જંગલમાં એક ઘેઘૂર વડલો. ગ્રીષ્મ ઋતુ છે. આકાશી અગનઝાળ ધરતીને તવા પર રોટલો શેકાય તેમ શેકી રહી છે, એવા બળબળતા બપોરે નળ સરોવર તરફથી સનસનાટ કરતું એક કાગપક્ષિ, આકાશી પંથ કાપતું કાપતું આ તરફ આવી રહ્યું છે, આજે આ કાગપક્ષિરાજનું દિલ હેલારે ચડયું છે, આ વિશાળ સૃષ્ટિની વિવિધતાઓ નીરખવા એનું મન થનગની રહ્યું છે. નળ સરોવરની દુનિયા આજે તેને નાનકડી-સાંકડી અકળાવનારી લાગી છે.

મધ્યાહ્નના સૂર્યના પ્રચંડ તાપ અને પ્રવાસનાં થાકથી લોથપોથ બનેલ આ પક્ષિરાજ આ વડલાની શિતળ છાંયા જોઇ વિશ્રાંતિ લેવા વિચારે છે, અને એક ડાળી ઉપર બેઠક જમાવે છે, બાજુનાં સરોવર પરથી ઉડતી આવતી મંદ મંદ શિતળ વાયુલહરી તેનાં તન બદનને ઔર તાજગી અર્પી રહે છે.

ઠંડક વળતાં આ કાગપક્ષિ ઝોલે ચડયું. પણ ત્યાં તો હવામાં સનનન્ અવાજ થાય છે, વડનાં પાન ખડખડ ખખડે છે, કાગપક્ષિ સફાળું જાગી ગયું. સામેની ડાળી ઉપર એક હંસપક્ષી આવી બેસી ગયું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org